જા.ન/પ્રાથમિક/RTE/૨૦૨૩/ ૩૨૫૫

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.૧૩/૦૩/૨૦૨૩

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી,
સુરત શહેરી વિસ્તારની બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ.

વિષય :- શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી RTE એક્ટ-2009 હેઠળ નબળા અને વંચિત જૂથનાં બાળકોને ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા પ્રવેશ બાબત.

સંદર્ભ:- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણનિયામકશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પત્રાંક:પ્રા.શિ.નિ/RTE/પ્રવેશ/૨૦૨૩/૯૮-૧૩૯ તા.૧૦/૦૩/૨૦૨૩

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, બાળકોનાં મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ તથા બાળકોનાં મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારનાં નિયમ-૨૦૧૨ ની જોગવાઈ હેઠળ નબળા અને વંચિત જુથનાં બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા મફત પ્રવેશ આપવા માટેની જોગવાઈ હેઠળ ખાનગી પ્રાથમિક શાળાઓમાં વંચિત અને નબળા જુથનાં બાળકોને ધોરણ-૧ માં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવે છે. સંદર્ભદર્શિત પત્ર અન્વયે જે ખાનગી પ્રાથમિક શાળાઓએ સક્ષમ અધિકારીનું લઘુમતિ શાળાની દરજ્જાનું પ્રમાણપત્ર મેળવેલ હોય તેવી ખાનગી પ્રાથમિક શાળાઓને લઘુમતિ દરજ્જો ધરાવતી શાળા તરીકેનાં લાભો મળવાપાત્ર છે. પ્રાથમિક શાળાનું લઘુમતિ દરજ્જાનું પ્રમાણપત્ર ધરાવતી શાળાઓમાં આ કચેરી દ્વારા RTE એક્ટ-૨૦૦૯ હેઠળ ધોરણ-૧ માં ૨૫ ટકા બાળકોને મફત પ્રવેશ ફાળવવામાં આવશે નહિ. તે સિવાયની સુરત શહેરી વિસ્તારની તમામ બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓને અત્રેથી RTE એક્ટ-૨૦૦૯ અન્વયે ધોરણ-૧ માં ૨૫ ટકા મફત પ્રવેશ ફાળવવામાં આવશે.અત્રેથી નિમણુંક કરેલ વેરીફાયર દ્વારા જે માહિતી માંગવામાં આવે તેમાં સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે.

જે ખાનગી પ્રાથમિક શાળાઓ લઘુમતિ દરજ્જાનું પ્રમાણપત્ર ધરાવતી હોય તેવી પ્રાથમિક શાળાઓએ પ્રમાણપત્રની નકલ અને જરૂરી આધારો અત્રેની કચેરીમાં દિન-૨ માં રૂબરૂ પ્રાથમિક શાખામાં રજુ કરવા જણાવવામાં આવે છે. સમયમર્યાદામાં પ્રમાણપત્ર રજુ ન કરનાર શાળા લઘુમતિ દરજ્જો ધરાવતી નથી, તેમ માની RTE એક્ટ-૨૦૦૯ હેઠળ ધોરણ-૧ માં ૨૫ ટકા પ્રવેશ ફાળવવામાં આવશે. જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત